# એક ઋષિએ આપ્યું બીજા ઋષિને ભક્તિરસનું જ્ઞાન

## શ્રીભાગવત પુરાણની એક વાર્તા

## ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ દ્વારા પુનઃકથિત

મહર્ષિ વેદવ્યાસ, ભારતીય ઇતિહાસના અતિ પ્રસિદ્ધ વિદ્વાનો અને આધ્યાત્મિક ગુરુઓમાંના એક હતા. ભારતીય શાસ્ત્રીય પરંપરામાં તેમનું યોગદાન અતુલનીય છે. તેમના નામ, 'વેદવ્યાસ'નો અર્થ છે ''વેદોના સંકલનકર્તા''. સાથેસાથે, તેમણે મહાભારત લખ્યું અને છત્રીસ પુરાણોને લિપિબદ્ધ કર્યા હતા. આ મૂળભૂત ગ્રંથો પહેલાં માત્ર મૌખિક પરંપરામાં જ અસ્તિત્વ ધરાવતા હતા. વેદવ્યાસ એક સદ્ગુરુ હતા અને તેમના શિષ્યોએ તેમનું સન્માન કરવા ગુરુપૂર્ણિમાના મહોત્સવની શરૂઆત કરી હતી.

એક દિવસ દેવર્ષિ અને સંગીતકાર નારદ મુનિએ મહર્ષિ વેદવ્યાસની મુલાકાત લેવાનું નક્કી કર્યું. તેઓ વીણા વગાડતા-વગાડતા અને આનંદ તેમજ ઉલ્લાસથી ભગવન્નામ ''નારાયણ! નારાયણ!'' ગાતા-ગાતા પ્રાચીન અને પવિત્ર નદી સરસ્વતીના કિનારે આવેલા વનમાંથી પસાર થઈ રહ્યા હતા. તે વન લીલીછમ વનસ્પતિઓ, મીઠાં અને રસદાર ફળો અને ઘટાદાર વૃક્ષોથી ભરેલું હતું. ઝાડીઓ રંગબેરંગી ફૂલોથી લદાયેલી હતી અને હવામાં મોહક સુગંધ હતી. સ્વર્ગસમાન આ સ્થાનમાં મહર્ષિ વેદવ્યાસનો આશ્રમ હતો.

નારદ મુનિએ જોયું કે મહર્ષિ વેદવ્યાસ પોતાની ઝૂંપડીની બહાર એક વૃક્ષ નીચે બેઠા છે. આદરણીય ઋષિને ખૂબ જ ઉદાસ અને નિરાશ જોઈને નારદ મુનિને આશ્ચર્ય થયું. મહર્ષિ વેદવ્યાસ એકદમ સ્થિર બેઠા હતા, તેમના ખભા ઝૂકેલા હતા જાણે કે તેના પર કોઈ ભારે વજન હોય, તેમના કપાળ પર ચિંતાની કરચલીઓ દેખાઈ રહી હતી અને આંખો શૂન્યમાં તાકી રહી હતી. નારદ મુનિ જોઈ શકતા હતા કે કોઈ વાત છે જે તેમને ખૂબ જ વિચલિત કરી રહી છે.

નારદ મુનિના સંકીર્તનનો મધુર અવાજ સાંભળીને મહર્ષિ વેદવ્યાસે આદરપૂર્વક ઊભા થઈને દેવર્ષિનું અભિવાદન કર્યું અને પછી તેમને પોતાની બાજુમાં બેસવા માટે આમંત્રિત કર્યા.

નારદ મુનિએ આસન ગ્રહણ કરીને મહર્ષિ વેદવ્યાસના ચિંતિત મુખ તરફ ધ્યાનથી જોતા કહ્યું : ''આદરણીય વ્યાસ મુનિ, તમે સમસ્ત જ્ઞાન અને પ્રજ્ઞાનના મૂર્તરૂપ છો. તમે વેદ અને પુરાણોનું સંકલન કર્યું છે અને બ્રહ્મજ્ઞાનને બધા માટે સુલભ કર્યું છે. તો પછી તમે આટલા બધા ઉદાસ કેમ લાગો છો? હે ઋષિ! શું દુનિયા પર કોઈ સંકટ આવવાનું છે જેનાથી તમે આટલા વ્યાકુળ છો?''

વેદવ્યાસે ઊંડો શ્વાસ લઈને જવાબ આપ્યો, ''હે દેવર્ષિ નારદ, હું આ દુનિયા પર આવનારા કોઈ સંકટને કારણે ચિંતિત નથી. હું મારી પોતાની ગંભીર દશા વિશે વિચારી રહ્યો છું. જે કંઈ પણ અધ્યયન કરવાનું હતું તે મેં કરી

લીધું છે—મારા માટે હવે વાંચવાનું કંઈ બાકી રહ્યું નથી. મેં મારી ફરજ પૂરી કરી લીધી છે. મેં શ્રદ્ધાપૂર્વક નિત્યકર્મોનું પાલન કર્યું છે. મેં હંમેશાં દેવતાઓને, ઋષિમુનિઓને, પૂર્વજો અને બ્રાહ્મણોને અર્પણ કર્યું છે. મેં અગણિત યજ્ઞો કર્યા છે. એટલું જ નહીં, મેં યોગ પર પ્રભુત્વ મેળવ્યું છે; મેં નિર્વિકલ્પ સમાધિ પ્રાપ્ત કરી છે. મારી ક્ષમતા અનુસાર મેં એ દરેક વસ્તુ પર પ્રભુત્વ પ્રાપ્ત કરી લીધું છે જે હું કરી શકતો હતો. હે દેવર્ષિ નારદ, મેં આ બધું કર્યું છે અને તેમછતાં હું આનંદરહિત છું!'' આટલું કહીને નિરાશામાં ડૂબેલા મહર્ષિ મૌન થઈ ગયા.

કરુણામય સ્મિત સાથે પ્રબુદ્ધ નારદ મુનિએ કહ્યું, ''નારાયણ! નારાયણ! હે આદરણીય મહર્ષિ વ્યાસ, એ સાચું છે કે તમે બધી જ નિર્ધારિત ધાર્મિક વિધિઓ કરી છે અને જે કંઈ જ્ઞાન-પ્રજ્ઞાન પ્રાપ્ત કરી શકાય તે બધું પ્રાપ્ત કરી લીધું છે. પરંતુ... શું તમે ક્યારેય ભગવાનના અમૃતમય નામનું ગાન કર્યું છે જે નિત્ય આનંદમય છે? શું તમે ક્યારેય ભક્તિરસનો સ્વાદ ચાખ્યો છે?''

મહર્ષિ વેદવ્યાસને આશ્ચર્ય થયું. ''ના, દેવર્ષિ નારદ, મેં ક્યારેય ભગવાનના નામનું ગાન નથી કર્યું.''

નારદ મુનિએ જવાબ આપ્યો, ''હે મહર્ષિ, આ જ કારણ છે જેને લીધે તમે આટલી નીરસતા અને આનંદહીનતાનો અનુભવ કરો છો. 'નારાયણ'ના નામસંકીર્તન વગર ભગવન્નામના અમૃતનું પાન કર્યા વગર, ભક્તિરસને ચાખ્યા વગર, નિર્વિકલ્પ સમાધિમાં પણ આનંદ નથી.''

મહર્ષિ વેદવ્યાસે નારદ મુનિને ભગવાનનું નામ કેવી રીતે ગાવું, નામસંકીર્તન કેવી રીતે કરવું તે શીખવવા માટે વિનંતિ કરી. દેવર્ષિના નિર્દેશાનુસાર મહર્ષિ વેદવ્યાસે તરત જ ભક્તિનો માર્ગ અપનાવ્યો અને તેમના દૈનિક યોગાભ્યાસના ભાગરૂપે નામસંકીર્તન કરવાનું આરંભ કર્યું. ભગવાનના નામને ગાવાથી, અંતે મહર્ષિ વેદવ્યાસ અમૃતમય ભક્તિરસથી પરિપૂર્ણ થઈ ગયા. અંતરમાં આ આનંદ પામીને તેમના બધા અભ્યાસોમાં તેમને આનંદનો અનુભવ થયો.

દિવ્ય આનંદના આ વિસ્ફોટ પછી, મહર્ષિ વેદવ્યાસે 'શ્રીભાગવત પુરાણ'ની રચના કરી. આ પવિત્ર ભારતીય ગ્રંથમાં ભગવાનની ભક્તિના ગુણગાન કરવામાં આવ્યા છે. ભક્તિરસની પ્રાપ્તિનું સાધન છે, નામસંકીર્તન.

*શ્રીભાગવત પુરાણ, ૧.૫, ૧.૬*

પુનઃકથિત : © ૨૦૧૪ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®